| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૫/૦૧/૨૦૨૦ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૬૫/૨૦૨૦**

## ખુનની કોશીશના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ઓઢવ પોલીસ સ્ટેશન :**

### ખુનની કોશિષમાં ગુનામાં સંડોવાયેલ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.જી.જાડેજા ઓઢવ પો.સ્ટેશન નાઓ અત્રેના પો.સ્ટેશન ખાતે ગુના કામે પકડવાના બાકી આરોપીને પકડી પાડવા આપેલ સુચના આધારે સર્વે પો.સ.ઈ આર.એ.ઝાલા તથા એ.એસ.આઇ ચંદુભાઇ મગનભાઇ બ.નં-૭૯૮૫, લોકરક્ષક હરદિપસિંહ ભગીરથસિંહ બ.નં-૧૩૩૨, લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ બ.નં-૧૧૬૬૨ એ રીતેના સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન લોકરક્ષક હરદિપસિંહ ભગીરથસિંહ તથા લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકિકત આધારે ઓઢવ વિરાટનગર ચાર રસ્તા પાસેથી ઓઢવ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૨૧૦/૧૯ ઇ.પી.કો કલમ ૩૦૭, ૨૯૪(ખ), ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના કામે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને તા-૨૩/૦૧/૨૦૨૦ ના ક.૦૯/૩૦ વાગે મળી આવતા નજરકેદ રાખી કાયદેસરની કામગીરી કરવામાં આવેલ છે.

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન :

## બસ, રેલ્વે, તથા ભીડભાડ વાળી જગ્યાએથી નજર ચુકવી બેગ તથા ખીસ્સામાંથી રોકડ રકમ તથા સોના ચાંદીના દાગીનાઓની ચોરી કરતી હરીયાણાની સાસી ગેંગને પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા ઇ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન અમદાવાદ તથા પોલીસ ઇન્સપેકટર સાહેબ નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત સંબંધી બનેલ ગુનાઓ શોધી કાઢવા તથા ગુના બનતા અટકાવવા સારૂ અવાર નવાર મળતી સુચના આધારે સર્વેલન્સ પો.સ.ઇ.એમ.બી.પટેલ તથા પો.સ.ઇ.કે.એ.જાડેજા તથા સર્વેલન્સ સ્કોર્ડ ના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કાગડાપીઠ પો.સ્ટે.ગુ.ર.નં-૦૦૬૭/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ ૩૭૯, ૪૬૧, ૧૧૪ મુજબના કામે સીસીટીવી ફુટેજ તેમજ ચોક્કસ ખાનગી બાતમીદારો મારફતે સદર ગુનાના કામે કુલ્લે પાંચ આરોપીઓ પકડી તેઓની પાસેથી નીચે મુજબનો મુદ્દામાલ કબ્જે કરી સદરી આરોપીઓને તા-૨૩/૦૧/૨૦૨૦ ના કલાક ૨૧/૦૦ વાગ્યે પકડી અટક કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે અને સદરી આરોપીઓના નામદાર કોર્ટમાથી રીમાન્ડ મેળવી આગળની વધુ તપાસ સર્વેલન્સ પો.સ.ઇ.એમ.બી.પટેલ નાઓ ચલાવી રહેલ છે.તા-૨૪/૦૧/૨૦૨૦

- **ગુન્હાનો એમ.ઓ.:-**

સદરી આરોપીઓ બસ સ્ટેશનમા તેમજ બસમા તેમજ રેલ્વેમા ચઢી સામાન ચઢાવવા ઉતારવા મદદ કરવાના બહાને આરોપીઓ એકબીજાની મદદગારી કરી નજર ચુકવી પીન, ડીસમીસ જેવા હથીયાર વડે ચેઇન ખોલી રોકડ રકમ તેમજ કિંમતી સોના ચાંદીના દાગીનાઓની ચોરી કરવાની ટેવવાળા છે.

આ કામે પકડાયેલ આરોપીઓને યુક્તિ-પ્રયુક્તિથી પુછપરછ કરતા પોતે ગુજરાત, દિલ્હી, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ (યુ.પી), મહારાષ્ટ્ર તથા હરીયાણા વિગેરે રાજ્યમાં આવા એમ.ઓ.વાળી ચોરીઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે.

- પકડાયેલ આરોપીઓ :-

(૧) રાકેશ S/O કીરૂરામ નંદુરામ જાતે સાસી (રાજપુત) ઉ.વ.૩૬ રહે,ગામ- બખલાણા થાના-બાસ તા-આસી જી-હીશાર (હરીયાણા)

(૨) જોગીન્દર S/O રામફલ અમરસિહ જાતે સાસી (રાજપુત) ઉ.વ.૩૫ રહે, ગામ-શોરખી થાના-બાશ તા-આશી જી-હીશાર (હરીયાણા).

(૩) સુરેન્દર ઉર્ફે મીન્ની S/O સરવર બિરસાલ્લા જાતે રાજપુત ઉ.વ.૨૮ જાતે ગામ- રોહનાત તા-બોણીખેડા જી -ભીવાની (હરીયાણા).

(૪) સત્બીર ઉર્ફે મીના S/O બનવારી ઝાલા સાસી (રાજપુત) ઉ.વ.૫૦ રહે, ગામ-શોરખી થાના-બાશ તા-આશી જી-હીશાર (હરીયાણા).

(૫) રામચંદર S/O અમરસિહ કનૈયાલાલ જાતે.સાસી (રાજપુત) ઉ.વ.૫૫ હાલ રહે, ગામ-શોરખી થાના-બાશ તા-આશી જી-હીશાર (હરીયાણા) તથા મુળ રહે. એ/૯૮ અગરનગર પ્રેમ નગર વિભાગ-૩ કિરાડી સુલેમાન નગર દિલ્લી.

- <u>રીકવર કરેલ મુદ્દામાલ :-</u>

૧.એક સોનાનો હાર જેનું વજન જોતા ૩૬.૮૫૦ ગ્રામ છે જેની આશરે કિ.રુ.૧,૧૦,૪૦૦/- ગણી શકાય.

૨.એક સોનાની ચેઈન જેનું વજન જોતા ૫૦.૬૪૦ ગ્રામ છે જેની આશરે કિ.રુ.૧,૫૧,૮૦૦/- ગણી શકાય.

૩.એક સોનાની વીંટી જેનું વજન જોતા ૧૦.૪૦૦ ગ્રામ છે જેની આશરે કિ.રુ.૩૧,૨૦૦/- ગણી શકાય.

૪.એક કાળા મણકાવાળૂ સોનાનું મંગળસુત્ર જેનું વજન જોતા ૬૬.૬૦૦ ગ્રામ છે જેની આશરે કિ.રૂ.૧,૯૯,૮૦૦/- ગણી શકાય

૫. સોનાની બંગડી નંગ-૨ જેનું વજન જોતા ૪૩.૮૩૦ ગ્રામ છે જેની આશરે કિ.રૂ.૧,૩૧,૪૦૦/- ગણી શકાય

૬. સોનાના પાટલા નંગ-૨ જેનું વજન જોતા ૫૯.૩૮૦ ગ્રામ છે જેની આશરે કિ.રૂ.૧,૭૭,૯૦૦/- ગણી શકાય

૭. એક સોનાની મગમાળા જેનું વજન જોતા ૧૩.૫૫૦ ગ્રામ છે જેની આશરે કિ.રુ.૪૦,૫૦૦/- ગણી શકાય

૮. એક સોનાની મગમાળા જેનું વજન જોતા ૪૯.૧૧૦ ગ્રામ છે જેની આશરે કિ.રૂ.૧,૪૭,૩૦૦/- ગણી શકાય

૯.સોનાની બુટી શેર વાળી નંગ-૨ જેનું વજન જોતા ૨૬.૫૦૦ ગ્રામ છે જેની આશરે કિ.રુ.૭૯,૫૦૦/- ગણી શકાય

૧૦. એક સોનાની વીંટી જેનું વજન જોતા ૧.૫૩૦ ગ્રામ છે જેની આશરે કિ.રુ.૪,૫૦૦/- ગણી શકાય.

૧૧.એક સોનાની વીંટી જેનું વજન જોતા ૩.૮૦૦ ગ્રામ છે જેની આશરે કિ.રુ.૧૧,૪૦૦/- ગણી શકાય.

૧૨.સોનાની બુટી નંગ-૨ જેનું વજન જોતા ૩.૬૯૦ ગ્રામ છે જેની આશરે કિ.રુ.૧૦,૮૦૦/- ગણી શકાય

૧૩.એક ચાંદીનો સિક્કો જેનુ વજન જોતા ૦.૦૫૦ કિલોગ્રામ જેની કિ.રૂ.૧૭૫૦/- ગણી શકાય.

૧૪. બે લોખંડ જેવી ધાતુની પીન જેની કિ.રુ.૦૦/૦૦-

૧૫. એક રસના હાથાવાળૂ નાનું ડિસમીસની કિ.રુ.૦૦/૦૦

૧૬. રોકડા રુપિયા ૭૬,૦૦૦/-

૧૭. મોબાઈલ ફોન નંગ-૪ કિ.રુ.૨૭,૦૦૦/-

- <u>કુલ્લે કિ.રૂ.૧૨,૦૧,૨૫૦/- નો મુદ્દામાલ</u> પંચનામાં વિગતે તપાસ અર્થે કબ્જે કરેલ છે.
- <u>સદરી કામગીરી કરનાર અધિકારી</u> :-

PSI.એમ.બી.પટેલ એ.એસ.આઈ ગોવિંદભાઈ મોતીભાઈ

PSI.કે.એ.જાડેજા હે.કો.ઈશ્વરભાઈ શંકરભાઈ

પો.કો.સરદારસિહ મહિપતસિહ
પો.કો.દિનેશકુમાર ભીમશીભાઈ
પો.કો.વિરેંદ્રસિહ જશુભા
પો.કો.રાકેશભાઈ બામણીયાભાઈ
પો.કો.નિતીનકુમાર અરૂણભાઈ
પો.કો.દિગ્વિજયસિંહ ઘનશ્યામસિંહ
પો.કો.રવિરાજસિહ ચતુરસિહ
પો.કો.કલ્યાણસિહ અભેસંગભાઈ

હે.કો.સંજયભાઇ દશરથભાઇ
પો.કો.યોગેંદ્રસિહ ખુમાનસિહ
પો.કો.કનુભાઈ ભુપતભાઈ
પો.કો.ચિરાગકુમાર બાબુભાઇ
પો.કો.ભરતભાઇ પોપટભાઇ
પો.કો.અજયસિંહ પ્રતાપસિંહ
પો.કો.રવિરાજસિહ સહદેવસિહ









**ક્રાઇમ બ્રાંચ :**

## ભુતકાળમાં ૮૦ થી વધુ ઘરફોડ ચોરી કરનાર રીઢા ગુનેગારને ચાર ગુન્હાનો મુદ્દામાલ કિ.રૂ.૨,૬૩,૫૫૦/- સાથે પકડી સાત થી વધુ ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી તથા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજયકુમાર તોમર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી. ગોહિલ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પોલીસ ઈન્સપેક્ટર શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ નાઓની રાહબરી હેઠળ સ્કોડના પો.સ.ઈ. શ્રી કે.જી.ચૌધરી તથા સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે આરોપી અમીત ઉર્ફે શ્યામ સ/ઓ નવીનચંન્દ્ર દરજી ઉ.વ.૪૨ રહે. જશોદાનગર સોસાયટી સાવલીગામ તા.સાવલી. જી.વડોદરા નાને સોનાની લગડી કિ.રૂ.૨,૦૦,૦૦૦/- તથા રોકડા રૂ.૨૨,૦૦૦/- તથા બજાજ ડીસ્કવર મો.સા. ગાડી નં.GJ-01-PL-8156 ની કિ.રૂ.૨૫,૦૦૦/- તથા પેનાસોનીક એલ.ઈ.ડી. ટીવી નંગ – ૧ કિ.રૂ.૧૫,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ– ૩ કિ.રૂ.૧૫૦૦/- તથા લોખંડનુ ખાતરીયુ કિ.રૂ.૫૦/- ગણી કુલ કિ.રૂ.૨,૬૩,૫૫૦/-ના મત્તાના મુદ્દામાલ સાથે અટક કરી નીચે મુજબના ઘરફોડ ચોરીઓના ગુન્હાઓ શોધી કાઢેલ છે.

### -: ડીટેક્ટ કરેલ ગુન્હાઓ :-

(૧) પાલડી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૦૦૧૪/૨૦૨૦ ધી ઈ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ

(૨) વાડજ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૦૦૦૩/૨૦૨૦ ધી ઈ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ

(૩) નવરંગપુરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૦૦૪૧/૨૦૨૦ ધી ઈ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ

(૪) નવરંગપુરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૦૦૨૨/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ

(૫) ચાંદખેડા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૮૨/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦ મુજબ

(૬) સેટેલાઈટ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.ન.૦૦૦૪/૨૦૨૦ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(૭) સોલા પો.સ્ટે. અરજી નં.LA/૧૭૯૬/૨૦૧૬

(૮) સને- ૨૦૧૭ ની શરૂઆતમાં કાગડાપીઠ કાંકરીયા ખાતે વાણીજ્ય ભવન છઠ્ઠા માળે આવેલ ફાઇનાન્સની ઓફીસ નં. ૬૦૭ માં પ્રવેશ કરી રોકડા રૂ.૩૫,૦૦૦/- તથા બે ચાદીના કડા ની ચોરી કરેલ છે.

(૯) સને- ૨૦૧૭ ની શરૂઆતમાં ગુરૂકુળ ત્રણ રસ્તા પાસે એક કોમ્પલેક્ષમાં ટ્યુશન કલાસીસમાંથી રોકડારૂ.૨૫૦૦૦/- ની ચોરી કરેલ છે.

(૧૦) સને- ૨૦૧૭ ની શરૂઆતમાં આણંદ જીલ્લાના સામરખા ગામમાં ગેસ એજન્સીની દુકાનના શટરનુ તાળુ તોડી દુકાનમાં પ્રવેશ કરી રોકડા રૂ.૬૫,૦૦૦/- ની ચોરી કરેલ.

## -:આરોપીની એમ.ઓ. :-

સદરી આરોપી રાત્રી દરમ્યાન કોમર્સીયલ કોમ્પલેક્ષમાં ધુસી બંધ દુકાન તથા ઓફીસ ના દરવાજા તાળા તોડી અંદર પ્રવેશ કરી રોકડ રકમ તથા કિમતી ચીજ વસ્તુઓની ચોરી કરી લઇ જવાની આદતવાળો છે.

## - : આરોપીનો ગુન્હાહિત ઈતિહાસ :-

- સને ૧૯૯૯ થી ૨૦૦૨ દરમ્યાન આંણદ ટાઉન પોલીસ સ્ટેશનમાં દસેક ઘરફોડ તથા સયાજી ગંજપોલીસ સ્ટેશનના તથા નવાપુરા પોલીસ સ્ટેશન તથા ફતેગંજ પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીઓના ગુન્હાઓમાં પકડાયેલ છે.
- સને ૨00૩ માં ઓગષ્ટ મહીનામા સુરત શહેરના ચોક બજાર પોલીસ સ્ટેશનની આશરે રૂપિયા ૪૫ લાખની ઘરફોડ ચોરીના ગુન્હામાં પકડાયેલ છે.
- અગાઉ સને ૨00૪ના એપ્રીલ મહીના પોલીસ જાપ્તા સાથે સુરત કોર્ટ મુદતેથી પરત નડીયાદ આવતા પોલીસ જાપ્તામાંથી નાશી ગયેલ છે,
- પોલીસ કસ્ટડીમાંથી નાશી ગયા બાદ કલકત્તા જઈ બંગાળીઓની ગેંગ બનાવી પરત ગુજરાતમાં આવી, આંણદ તથા નડીયાદ તથા અમદાવાદના સરખેજ વિસ્તારમાં લુંટના ગુન્હાઓમાં તેમજ અમદાવાદ શહેર નવરંગપુરા વિસ્તારમાં ઘરફોડ ચોરીઓના ગુન્હામાં પકડાયેલ જે પૈકી નડીયાદ રૂરલ વિસ્તારમાં પેટ્રોલ પંપ લુંટના ગુન્હામાં દસ વર્ષની સજા થયેલ છે.
- સને ૨૦૦૭ માં નડીયાદના લુંટના ગુન્હામાં તેમજ અગાઉ પોલીસ કસ્ટડીમાંથી ભાગી જવાના ગુન્હામાં જેલમાં હતો તે દરમ્યાન ફરીથી કોર્ટ મુદતેથી પરત ફરતી વખતે નાશી ગયેલ છે.
- સને ૨૦૧૫ માં સજા પુરી કરી જેલમાંથી છુટ્યા બાદ વડોદરામાં તથા આંણદમાં તથા અમદાવાદમાં મણીનગર, સેટેલાઈટ, ગુજરાત યુનિ. પોલીસ સ્ટેશન ઘરફોડ ચોરીઓના ગુન્હામાં પકડાયેલ છે.
- સને ૨૦૧૮ માં અમદાવાદ શહેરના વાડજ, નવરંગપુરા, સોલા, આનંદનગર, સેટેલાઈટ, વડોદરા શહેરોની અન્ય ઘરફોડ ચોરીઓના ગુન્હામાં પકડાયેલ છે

## દરીયાપુર પોલીસ સ્ટેશન :

### તા-૨૫/૧/૨૦૨૦ ના રોજ પેટ્રોલીંગ દરમ્યાન ગેરકાયદેસરની કતલ કરવા લઈ જતા પાડો નંગ-૧ તથા ભેંસ નંગ-૫ ને બે ઈસમો બોલેરો પીકપમાં ઝડપી પાડતી દરીયાપુર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર -૨, તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪, તથા મદદાનીશ પોલીસ કમિશ્નર શ્રી 'એફ' ડિવીઝન નાઓની મૌખિક સુચના આધારે તેમજ માર્ગદર્શન આધારે તા-૨૫/૧/૨૦૨૦ ના રોજ પોલીસ ઈન્સપેકટરશ્રી દરીયાપુર પોલીસ સ્ટેશન નાઓના સીધા માર્ગદર્શન આધારે પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરીયાપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ દ્વારા દરીયાપુર લખોટાપોળ પોપટીયાવાડના નાકે જાહેરમાં બોલેરો પીકપ નંબર -GJ-27-X- 7458 માં એક પાડો અને પાંચ ભેંસ પગે તેમજ ગળામાં ત્રાસદાયક હાલતમાં બોલેરો પીકપમાં ઘાસચારો કે પાણી કે બીજી જરૂરી કાયદેસરની સુવિધા ન હોય તે ક્રુર રીતે બાધેલ હાલતમાં આરોપીઓ (૧) મુસરફઅહેમદ અફસારઅહેમદ અંશારી ઉ.વ-૨૮ રહે- મનં-૨૦૧ એકતા એવાન્યુ ગોમતીપુર અમદાવાદ શહેર મો-૯૯૦૪૦૮૮૭૮૪ (૨) મોહમદ અસરફ મોહમદ શદિક અંશારી ઉ.વ-૩૫ રહે- મનં-મુન્નાભાઇ મકાનમા ભાડેથી ચારતોલા કબ્રસ્થાન ગોમતીપુર અમદાવાદ શહેર નાઓ રોકતા પાડા નંગ-૧ કિં. ૨૦૦૦/- તથા ભેંસ નંગ-૫ કિં.રૂ.૫૦,૦૦૦/- તથા બોલેરો પીકપ કિં. રૂ.૩,૦૦,૦૦૦/- તથા રસ્સી નંગ-૧ અને તાડપત્રી નંગ-૧ બન્ને કિં. રૂ.૦૦/૦૦ જે કુલ્લે કિં. રૂ.૩,૫૨,૦૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવેલ પાડા ગીતાબેન રાભીયા ટ્રસ્ટમાં સોપી સારી કામગીરી કરેલ છે.

**આરોપીઓ** (૧) મુસરફઅહેમદ અફસારઅહેમદ અંશારી ઉ.વ-૨૮ રહે- મનં-૨૦૧ એકતા એવાન્યુ ગોમતીપુર અમદાવાદ શહેર મો-૯૯૦૪૦૮૮૭૮૪ (૨) મોહમદ અસરફ મોહમદ શદિક અંશારી ઉ.વ-૩૫ રહે- મનં-મુન્નાભાઇ મકાનમા ભાડેથી ચારતોલા કબ્રસ્થાન ગોમતીપુર અમદાવાદ શહેર

**નહી પકડાયેલ આરોપી** :- અતીકભાઈ રહે- પોપટીયાવાડ દરીયાપુરમોનં- ૮૪૯૦૮૭૪૦૬૭

**મુદ્દામાલ :-** પાડા નંગ-૧ કિં. ૨૦૦૦/- તથા ભેંસ નંગ-૫ કિં.રૂ.૫૦,૦૦૦/- તથા બોલેરો પીકપ કિં. રૂ.૩,૦૦,૦૦૦/- તથા રસ્સી નંગ-૧ અને તાડપત્રી નંગ-૧ બન્ને કિં. રૂ.૦૦/૦૦ જે કુલ્લે કિં. રૂ.૩,૫૨,૦૦૦/-

**રેડ કરનાર અધિકારી/કર્મચારીઓ:-** (૧) પો.સબ.ઈન્સ શ્રી એસ.એ. પાટીલ (૨) અ.હેડ.કોન્સ ઉદયભાન લક્ષ્મીકાંત બનં-૧૦૧૧૦ (૩) હેકો કનુભાઈ વશરામભાઈ બનં-૪૪૮૨ (૪) હેકો યોગેન્દ્રસીહ દીલીપસીહ બનં-૮૫૦૯ (૫) લોકરક્ષક સંજયસીહ માનસીહ બનં-૧૨૧૮ (૬) લોકરક્ષક રાહુલકુમાર અમરતભાઈ બનં-૧૨૭૬૨






# શહેરકોટડા પોલીસે યોજેલ રકતદાન શિબિર

## શહેરકોટડા પોલીસ સ્ટેશન :

શહેરકોટડા પોલીસે ગઇ કાલ તા.૨૪/૦૧/૨૦૨૦ ના રોજ રકતદાન શિબિર મુસ્કાન મેટ રકતદાન -૨૦૨૦ યોજી . આ કાર્યક્રમને સફળ બનાવવા પોલીસ સ્ટેશનના સ્ટાફ, સ્થાનિક નાગરીકો દ્વારા  કુલ - ૪૦૧ યુનિટ રક્ત એકત્રિત કર્યુ હતું જેમા એનજીઓ જાહેર સંસ્થાઓ અને તમામ દાતાઓ અને ખાસ કરીને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદના સહયોગ મળ્યો હતો.







# પાસા હેઠળ અટક કરેલ ઇસમોની વિગત

## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા નાઓએ તા.૨૪.૧.૨૦૨૦ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમા વારંવાર મિલ્કત સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો જેમા મિલ્કત સંબધી-૨ , પ્રોહીબીશન- ૨ મળી કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી આ ઇસમોને ભુજ, રાજકોટ, સુરત, વડોદરા જેલ ખાતે કેદ રહેવા સારૂ મોકલવા તજવીજ કરવામા આવેલ છે.

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

# લુંટના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “જી” ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર ડી.જે.ચુડાસમા નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરમાં લુંટના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે મીલન લાલજીભાઈ જાતે સોલંકી ઉ.વ.૨૦ રહે.રાજુનગરના કાચા છાપરા, રેલ્વે ક્રોસિંગ પાસે, ખોડીયારનગરની બાજુમાં, સુતરના કારખાના પાછળ, સરદારનગર, અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધમાં નં.(૧)નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૮૯/૧૯ ધી ઈ.પી.કો. કલમ ૩૯૨, ૧૧૪ મુજબ તથા નં.(૨)નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૯૧/૧૯ ધી ઈ.પી.કો. કલમ ૩૯૨, ૧૧૪ મુજબ તથા નં.(3) મેઘાણીનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૫૫/૧૯ ધી ઈ.પી.કો. કલમ ૩૯૨, ૧૧૪ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૩૩૪/૨૦૧૯ તા.૦૨/૧૨/૨૦૧૯ થી પાસા અટકાયત તરીકે “રાજકોટ મધ્યસ્થ જેલ” ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી આરોપીને આજરોજ નામ.એડી. ચીફ મેટ્રો. મેજી.શ્રી, કોર્ટનં-૧૩, અમદાવાદ શહેર નાઓના જેલમાં પાસા બજવણી અંગેની મંજુરીના હુકમ આધારે સાબરમતી મધ્યસ્થ જેલ અમદાવાદ શહેર ખાતે જઈ સદરી આરોપીની આજરોજ તા.૨૪/૦૧/૨૦૨૦ ના કલાક ૧૮/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે “રાજકોટ મધ્યસ્થ જેલ” ખાતે મોકલી આપેલ છે.તા.૨૪/૦૧/૨૦૨૦

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧)સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. આર.ડી.જાડેજા

(૨)એલ.આર. આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦